પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૭ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧, રવિવાર; મહા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં આજે પંચાયત - પાલિકા માટે મતદાન

## રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકા માટે મતદાન યોજાશે : ૫૪૮૧ બેઠકો પર ૨૨૧૭૦ ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર

ગાંધીનગર,તા.૨૭

તાલુકા-જિલ્લા અને પાલિકાની ચૂંટણીનું આવતીકાલે મતદાન યોજાશે. ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો અને ૮૧ નગરપાલિકાની ચૂંટણીનું મતદાન આવતીકાલે યોજાશે. ૨૮મી ફેબ્રુઆરી રવિવારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું મતદાન થશે અને ૨ માર્ચે મત ગણતરી હાથ ધરાશે. ગુજરાતમાં પહેલા તબક્કામાં ૬ મહાનગર પાલિકાની ચૂંટણીઓ યોજાઈ. જેમાં ભાજપે બાજી મારી છે અને હવે તાલુકા-જિલ્લા-પાલિકાની ચૂંટણી પ્રચારમાં તમામ પાર્ટીઓએ એડીચોટીનું જોર લગાવ્યું છે. મહાનગરપાલિકાની ચૂંટણીમા ફટકો પડતા કોંગ્રેસ પણ દોડતી થઈ છે. તો બીજી તરફ, જિલ્લા-તાલુકા અને પાલિકામાં ૨૮ તારીખે મતદાન માટે ગુજરાત પોલીસ પણ સજ્જ છે. ચૂંટણી બંદોબસ્ત માટે ૨૬ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ અને એસઆરપીની ૬૫ કંપની તૈનાત કરાયા છે. ૯૭ આંતર રાજ્ય અને ૪૩૭ આંતરિક ચેકપોસ્ટ બનાવાઈ છે, જેથી નજર રાખી શકાય. ૬ મહાનગરપાલિકા પછી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના બીજા તબક્કામાં પાલિકા અને પંચાયતો માટે આવતીકાલે ૨૮ ફેબ્રુઆરીએ રવિવારે ૫૪૮૧ બેઠકો માટે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિત કુલ ૨૨,૧૭૦ ઉમેદવારો મેદાનમાં છે. શુક્રવારે પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલાં ભાજપના મોટા નેતાઓએ મતદારોને રીઝવવા માટે અંતિમ તબક્કાનો ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો. ભાજપના દિગ્ગજ નેતાઓએ રેલી તથા રોડ શો કરીને મતદારોને મનાવવાનો પ્રયાસ કર્યો હતો. ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો અને ૮૧ નગર



પાલિકાની ચૂંટણીના મતદાન માટે પોલીસે ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. મતદાન અને મતગણતરી શાંતિપૂર્ણ થાય તે માટે પોલીસ ખડેપગે ગોઠવાઈ ગઈ છે. ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટિયાએ પત્રકારોને માહિતી આપતાં કહ્યું કે, ઈવીએમ સ્ટ્રોંગ રૂમ પર એસઆરપી તૈનાત રહેશે. સંવેદન અને અતિ સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ સજ્જ રહેશે. આવતીકાલે ૨૬ હજાર કોન્સ્ટેબલ અને ૨૮૦૦ અધિકારી ફરજ બજાવશે. ૧૩ ડીવાયએસપી અને ૬૫ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. સેન્ટ્રલ પેરામિલેટ્રી ફોર્સની ૧૨ કંપનીઓ ખડેપગે રહેશે. સંવેદનશીલ વિસ્તારની ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી છે અને નાસતા ફરતા ૧૯૮૦ આરોપીને પકડીને લોકઅપ ભેગા કરાયા છે. સૌથી વધુ આરોપીઓ બનાસકાંઠામાંથી પકડાયા છે. ૯૭ આંતર રાજ્ય અને ૪૩૭ આંતરિક ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. કોવિડની ગાઈડલાઈનનું પણ પોલીસ કડક પાલન કરાવશે. તો બોટાદમાં ૧૪ કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા. જેના પગલે ઉમેદવારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે અંગે હાઈકોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં, આ મામલે હાઈકોર્ટે ચાલુ ચૂંટણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. જેના કારણે હવે બોટાદ જિલ્લા પંચાયતમાં આપ અને ભાજપ વચ્ચે સીધો જંગ જામશે. જૂનાગઢના કેશોદ ચૂંટણી પહેલા ભાજપમાં ભૂકંપ સર્જાયો છે. કેશોદમાં ચૂંટણીના પડઘમ બંધ થતાં જ નગરપાલિકા ભાજપના પૂર્વ પ્રમુખે રાજીનામું આપ્યું. કેશોદ પાલિકાની ચુંટણીને લઈને રાજકીય ભૂકંપ સર્જાયો છે. કેશોદ પાલિકાના પૂર્વ પ્રમુખ યોગેશભાઈ સાવલિયાએ ભાજપને અલવિદા કહ્યું છે.

# પેટ્રોલ-ડીઝલમાં વધુ ભાવવધારો

## જાન્યુઆરી અને ફેબ્રુઆરીની વાત કરીએ તો ૨૫ દિવસ વધારો થયો છે, હવે પેટ્રોલ ૭.૩૬ રૂપિયા મોંઘું થયું છે : અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૮૮.૦૮ પ્રતિ લીટર

નવી દિલ્હી,તા.૨૬

ઓઈલ બજારમાં ત્રણ દિવસની શાંતિ બાદ આજે ફરી આમ આદમીને મોટો ઝટકો લાગ્યો છે. મંગળબાર બાદ આજે શનિવારે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થયો છે. આજે દિલ્હીના બજારમાં પેટ્રોલ ૨૪ પૈસા પ્રતિ લીટર મોંઘું થયું છે. આ સાથે જ દિલ્હીમાં એક લીટર પેટ્રોલનો ભાવ ૯૧.૧૯ રૂપિયા પર જતું રહ્યું છે. તો બીજી તરફ શનિવારે ડીઝલ પણ ૧૭ પૈસા મોંઘું થયું છે. આ સાથે જ દિલ્હીમાં ૧ લીટર ડીઝલના ભાવ વધીને ૮૧.૪૭ રૂપિયા પર પહોંચી ગયા છે. અમદાવાદમાં આજે પેટ્રોલનો ભાવ ૮૮.૩૧ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયો છે. જ્યારે અમદાવાદમાં આજે ડીઝલનો ભાવ ૮૭.૭૪ રૂપિયા પ્રતિ લીટર રહ્યો છે. ગઈકાલે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૮૮.૦૮ રૂપિયા પ્રતિ લીટર જ્યારે ડીઝલનો ભાવ ૮૭.૫૭ રૂપિયા પ્રતિ લીટર હતો. આજે પેટ્રોલની કિંમતમાં થયો પ્રતિ લિટરે ૨૩ પૈસાનો વધારો જ્યારે ડીઝલની કિંમતમાં પ્રતિ લિટર ૧૬ પૈસાનો વધારો થયો છે. જોકે છેલ્લા ૩ દિવસથી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ વધારો થયો ન હતો. પેટ્રોલ અને ડીઝલની સતત વધતી કિંમતથી લોકો પરેશાન થઈ રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલની મૂળ કિંમતમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમિશન અને અન્ય ચીજ ઉમેર્યા બાદ તેની કિંમત દરરોજ નક્કી કરવાનું કામ તેલ કંપનીઓ કરે છે. મુંબઈમાં તો પેટ્રોલ ૯૭.૫૭ રૂપિયાના સ્તર પર પહોંચી ગયું છે જોકે મેટ્રો શહેરોમાં સૌથી વધુ છે. ભોપાલમાં એક્સપી પેટ્રોલ ૧૦૨.૧૨ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે. ભોપાલમાં ડીઝલ ૮૯.૭૬ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે. ભોપાલમાં પેટ્રોલ ૯૯.૨૧ રૂપિયા અને ડીઝલ ૮૯.૭૬ રૂપિયા પર પહોંચી ગયું છે. ફેબ્રુઆરીના મહિનામાં ૨૭ દિવસમાં પેટ્રોલના ભાવમાં ૧૪ દિવસ વધારો થયો છે. તેનાથી આ ૩.૮૭ રૂપિયા મોંઘું થયું છે. ફક્ત આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીની વાત કરીએ તો ૨૫ દિવસ વધારો થયો છે. આ દરમિયાન પેટ્રોલ ૭.૩૬ રૂપિયા મોંઘું થયું છે. તો બીજી તરફ ફેબ્રુઆરીમાં ડીઝલના ભાવમાં ૪.૦૧ રૂપિયાનો વધારો થયો છે. ગત ૨ મહિનામાં ડીઝલ ૭.૬૦ રૂપિયા પ્રતિ લીટર મોંઘુ થયું છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ રોજ સવારે ૬ વાગે બદલાય છે. સવાર ૬ વાગ્યાથી નવા ભાવ લાગુ થાય છે.

# આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો પરનો પ્રતિબંધ ૩૧મી સુધી લંબાવાયો

## કોરોના સંક્રમણને પગલે ગત વર્ષે ૨૩ માર્ચથી આંતરાષ્ટ્રીય વિમાન સેવા બંધ કરાઈ હતી, પ્રતિબંધ ૨૮મી સુધી હતો

નવી દિલ્હી, તા. ૨૭

કોરોનાએ દેશમાં વધુ એક વખત ફૂફાંડો માર્યો હોવાથી કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ જ કારણથી એવિએશન રેગ્યુલેટર ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ ૩૧ માર્ચ સુધી વ્યવસાયિક આંતરાષ્ટ્રીય ઉડ્ડયન પર પ્રતિબંધ લંબાવવાની જાહેરાત કરી છે. કોવિડ ૧૯ મહામારીને પગલે ગત વર્ષે ૨૩ માર્ચથી આંતરાષ્ટ્રીય વિમાન સેવા બંધ કરવામાં આવી હતી. ચાલુ વર્ષે ૨૮ ફેબ્રુઆરી સુધી આંતરાષ્ટ્રીય વિમાન સેવા પર પ્રતિબંધ હતો જો કે છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસોમાં વધારો થતા ડીજીસીએએ વધુ એક મહિના પ્રતિબંધ લંબાવ્યો છે. ડીજીસીએએ શુક્રવારે મોડી સાંજે આ અંગે પરિપત્ર જાહેર કર્યા હતા. નિયમાકે જણાવ્યા મુજબ ભારતમાંથી તેમજ ભારત આવતી તમામ આંરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ૩૧ માર્ચ ૨૦૨૧ રાતના ૧૧ વાગ્યે ૫૯ કલાક સુધી રદ કરવામાં આવે છે. જો કે વિશેષ પરિસ્થિતિમાં પસંદગીના માર્ગો પર વિમાન સેવાને મંજૂરી આપવામાં આવશે. કોરોના મહામારીને પગલે ગત વર્ષે આંતરાષ્ટ્રીય વિમાન સેવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો.

### મોહન ડેલકરના બેનર સાથે કેન્ડલ માર્ચ

સેલવાસ,તા.૨૭

રાજયના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દાદરાનગર હવેલીના સાંસદ મોહન ડેલકરના આપઘાતનો મામલો હવે વધારે જોર પકડી રહ્યો છે. દાદરાનગર હવેલીના સેલવાસમાં જસ્ટિસ ફોર મોહન ડેલકરના બેનર સાથે કેન્ડલ માર્ચ નીકળી હતી. આ કેન્ડલ માર્ચમાં હજારોની સંખ્યામાં પ્રદેશવાસીઓ ઉમટી પડ્યા હતા. કેન્ડલ માર્ચ ઝંડાચોક ,કલેક્ટર કચેરી અને કીલવણી નાકા થઈ પસાર થઈ હતી અને કેન્ડલ માર્ચમાં જસ્ટિસ ફોર મોહન ડેલકર ના બેનરો સાથે હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. મહત્વપૂર્ણ છે કે થોડા દિવસ અગાઉ મુંબઈના મરીન ડ્રાઈવની સી ગ્રીન હોટલમાંથી દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરનો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ડેલકરે આપઘાત પહેલા લખેલી ૧૫ પાનાની સુસાઈડ નોટ પણ સ્થળ પર થી મળી આવી હતી.

# કોંગ્રેસમાં રાષ્ટ્રીય કક્ષાએ ભંગાણના ભણકારા

## જમ્મુમાં એક જ મંચ પર જી-૨૩ ગ્રુપના નેતાઓએ કોંગ્રેસ નેતૃત્વ સામે સવાલ ઉઠાવ્યા : જમ્મુ-કાશ્મીરમાં ભગવા પાઘડી પહેરી બળવાખોરોનો કોંગ્રેસને પડકાર

શ્રીનગર,તા.૨૭

દેશના સૌથી મોટા રાજકીય પક્ષ કોંગ્રેસમાં નૃત્વને લઈને




આંતરિક વિખવાદો પહેલેથી ખુલ્લા પડી ગયા હતા, પરંતુ જમ્મુમાં કોંગ્રેસના ૪-૨૩ ગ્રુપના નેતાઓએ એક જ મંચ પર ગાંધી પરિવાર સામે નેતૃત્વનો મુદ્દો ઉઠાવતાં કોંગ્રેસની સ્થિતિ બદલાઈ ચૂકી છે. જમ્મુમાં એક જ મંચ પર કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની ગાંધી પરિવારના નેતૃત્વ સામે એકજૂટતા પાર્ટીમાં મોટી તિરાડના અંદેશા આપી રહી છે.

જમ્મુના આ કાર્યક્રમમાં કોંગ્રેસના કપિલ સિબ્બલ, ગુલામ નબી આઝાદ, રાજ બબ્બર, મનીષ તિવારી અને આનંદ શર્મા સામેલ થયા હતા. તમામ નેતાઓનુ કહેવુ હતું કે પક્ષને મજબૂત બનાવવા માટે જે પણ બલિદાન આપવુ પડશે અમે એ માટે તૈયાર છીએ. કાર્યક્રમને સંબોધતા કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે ગુલામ નબી આઝાદની રાજ્યસભામાંથી વિદાઈને લઈને સવાલ ઉભા કર્યા હતા, તેમનું કહેવુ હતું કે પક્ષ તેમના રાજકીય અનુભવનો ઉપયોગ કરી શકતો હતો, પરંતુ તેમને વિદા કરવામાં આવ્યા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે કોંગ્રેસ હવે નબળી પડી ચૂકી છે અને તેને મજબૂત કરવા એકજૂટ થવાની જરુર છે.

કોંગ્રેસ નેતા આનંદ શર્માએ પણ કોંગ્રેસમાં નેતૃત્વ પર સવાલ ઉઠાવતા જણાવ્યું કે, વિતેલા ૧૦ વર્ષમાં કોંગ્રેસ નબળી બની, એનો એવો અર્થ નથી કે બે ભાઈ અલગ મત ધરાવતા હોય તો ઘર તૂટી જાય છે. અહીં પોતાના મંતવ્યો રજૂ કરવાની વાત છે. મનીષ તિવારીનું કહેવુ હતું કે તમામ રાષ્ટ્રવાદી વિચારધારાવાળા લોકોએ એક જ મંચ પર ભેગા થવુ પડશે જેમાં સૌથી મોટી ભૂમિકા આઝાદ સાહેબની રહેશે.

બીજી તરફ કોંગ્રેસમાં રાહુલ ગાંધીના નેતૃત્વની માંગ કરી રહેલા નેતાઓએ સીનિયર નેતાઓની મોર્ચાબંદી પર રોષ વ્યક્ત કર્યો હતો. તેમના મત મુજબ રાહુલ ગાંધીને પક્ષને મજબૂત કરવા મહેનત કરી રહ્યા છે પરંતુ દિગ્ગજ નેતાઓ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરવાને બદલે તેમની વ્યક્તિગત ફરિયાદોને મહત્વ આપી રહ્યા છે.

**જી-૨૩ ગ્રુપમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્મા, હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, કપિલ સિબ્બલ, રાજ બબ્બર, વિવેક તન્ખા, ગુલામ નબી આઝાદ સામેલ થયા**

### ગુજરાત સહિત આઠ રાજ્યોને કોરોના સામે કડક પગલાં લેવા કેન્દ્રની સૂચના

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશના કેટલાક રાજ્યોમાં કોરોના સંક્રમણના કેસોમાં અચાનક આવેલા ઉછાળાથી દેશભરમાં ચિંતાની લહેર ફરી વળી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીરના ચીફ સેક્રેટરી સાથે ઉચ્ચ સ્તરની બેઠક કરી હતી. આ રાજ્યોમાં વિતેલા દિવસો દરમિયાન સંક્રમણના કેસો વધી રહ્યા છે. બેઠક દરમિયાન કેબિનેટ સચિવે રાજ્યોને સાવચેતી અને જાગૃકતા વધારવાના નિર્દેશ આપ્યા હતા. આ રાજ્યોમાં સરકારે કોરોના ગાઈડલાઈનના કડક પાલન પર જોર આપતાં દૈનિક સ્તરે કોવિડ ટેસ્ટિંગ વધારવાના આદેશ કર્યા હતા.

# રમકડાં ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની જરૂર : નરેન્દ્ર મોદી

## રમકડાનાં વૈશ્વિક સ્તરે ૧૦૦ અબજ ડોલરના બજારમાં ભારતનો હિસ્સો ઓછો, દેશમાં ૮૫% રમકડાંની આયાત

વોકલ ફરો લોકલને પ્રમોટ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે દેશના સૌપ્રથમ ટોય ફેરનું ઉદ્ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતે રમકડાં ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની જરૂર છે અને વૈશ્વિક બજારની માગ સંતોષવા પ્રયાસ કરવો જોઈએ. આ માટે વડાપ્રધાન મોદીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું કે, રમકડા ક્ષેત્રે પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડીને ઈકો-ફ્રેન્ડલી ટોય્ઝનું ઉત્પાદન કરવું જોઈએ.

પીએમ મોદીએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે, રમકડાનાં વૈશ્વિક સ્તરે ૧૦૦ અબજ ડોલરના બજારમાં ભારતનો હિસ્સો ખૂબજ ઓછો છે અને દેશમાં વેચાતા રમકડાં પૈકી ૮૫ ટકા રમકડાં આયાત કરવામાં આવે છે. દેશમાં મેડ ઈન ઈન્ડિયા ટોય્ઝનું ઉત્પાદન વધારવું જોઈએ.

વર્ચ્યુલ કાર્યક્રમમાં વડાપ્રધાને પારંપરિક રમકડાંનું ઉત્પાદન કરતા ચેન્નાપટ્ટનમ, વારાણસી અને જયપુરના ટોય ક્લસ્ટર સંચાલકો સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ તેમને બાળકોની પસંદગીને ધ્યાને રાખીને નવીનીકરણ સાથેના રમકડાંનું ઉત્પાદન કરવા પણ આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત રમકડાંમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડી ઈકો-ફ્રેન્ડલી રમકડાં બનાવવા અપીલ કરી હતી. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ટોય એક્શન પ્લાન તૈયાર કર્યો છે જેમાં ૧૫ મંત્રાલયોનો સમાવેશ કરાયો છે જેથી દેશનો રમકડા ઉદ્યોગ સ્પર્ધાત્મક રીતે સક્ષમ બની શકે. પીએમ મોદીએ કેટલાક ટોય ક્લસ્ટરને સ્થાનિક સંસ્થાઓનો સંપર્ક કરી તેમના ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બનાવવા પણ સુચન કર્યું હતું.

# અંબાણીના ઘર પાસે વિસ્ફોટકો મૂકનાર શખ્સો મુંબઈથી ફરાર

## મુલુંડ ટોલ પ્લાઝા પાસેથી સીસીટીવી ફૂટેજ મળ્યા, જેમાં સંદિગ્ધ ઈનોવા કારમાં મુંબઈ બહાર નિકળતી જોવા મળી

મુંબઈ, તા. ૨૭

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીના મુંબઈ સ્થિત ઘર એન્ટીલિયા બહાર પાર્ક કરવામાં આવેલી વિસ્ફોટક ભરેલી કારની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચને મુલુંડ ટોલ પ્લાઝા પાસેથી એક સીસીટીવી ફૂટેજ મળ્યા છે, જેમાં એક ઈનોવા કાર મુંબઈ બહાર નિકળતી હોવાનું જોવા મળે છે.

મુકેશ અંબાણીના ઘર બહાર બે કાર- એક સ્કોર્પિયો અને બીજી ઈનોવા કાર પહોંચી હતી. સ્કોર્પિયોમાં બેઠેલા ડ્રાઈવરે કારને ઘર બહાર જ છોડી દીધી હતી અને ઈનોવા કારમાં બેસીને ત્યાંથી નિકળી ગયો હતો. પોલીસને એન્ટીલિયા બહાર પાર્ક કરાયેલી સ્કોર્પિયો કારમાંથી જિલેટિન સ્ટિક્સ અને એક ધમકીભર્યો પત્ર મળ્યો હતો.

મુલુંડ ટોલ પ્લાઝામાંથી મળેલા સીસીટીવી ફુટેજ મહત્વપૂર્ણ છે જેના પરથી જણાય છે કે મુલુંડ ટોલ પ્લાઝાથી કેવી રીતે આરોપી ફરાર થઈ ગયો. સીસીટીવી ફુટેજમાં આરોપી ટોલના નાણાં ચૂકવતો જોવા મળે છે. ઈનોવા કાર પૂર્વ એક્સપ્રેસ હાઈવે મારફતે થાણે તરફ પરત ગઈ હતી. આ ગાડી સવારે ૩.૦૫ વાગ્યે મુલુંડ ટોલ નાકું પાર કરતી દ્રશ્યમાન થઈ હતી.

મુંબઈ પોલીસે સ્કોર્પિયો વિસ્ફોટક સાથેની કાર પાર્ક કરવાના કેસમાં ગામદેવી પોલીસ સ્ટેશનમાં આઈપીસીની વિવિધ કલમો અંતર્ગત કેસ કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ એન્ટીલિયા નજીક પાર્ક કરાયેલી કારનો રજીસ્ટ્રેશન નંબર મુકેશ અંબાણીના સુરક્ષા કાફલામાં રહેલી કારના રજીસ્ટ્રેશન નંબર સાથે મળતો હતો. પોલીસે સ્કોર્પિયોને જપ્ત કરી લીધી છે મુકેશ અંબાણીના ઘરની સુરક્ષામાં વધારો કરી દીધો છે. ગુરુવારે સાંજે ૪ વાગ્યે પોલીસને મુકેશ અંબાણીના ઘર નજીકથી બિનવારસી કાર મળી આવી હતી.

Vશાલ
SUPER MARKETની આજ
રામદેવ હિંગ
૧૦૦ ગ્રામ
રૂ. ૧૨૦/- MRP. ૧૫૦/-
સેક્ટર-૬/કુડાસણ

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર-૨૨, ગાંધીનગર
9909555191